C.C.NO-2255/2021

**મે. છોટાઉદેપુર ના એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક(એ.પી.જોષી) સાહેબ શ્રી. ની કોર્ટમાં**

**મુ.છોટાઉદેપુર**

**GJCU020026332021**

**ફો.કેસ. નં.૨૨૫૫/૨૦૨૧**

**આંક.–૦૯**

**ફરીયાદી:–** શ્રી સરકાર.

<u>વિરૂઘ્ધ</u>

**આરોપી:–**(૧)રામલાભાઈ ધનસીંગભાઈ નાયકા.*રહે.ઘડાગામ.તા.જી.છોટાઉદેપુર*

ગુન્હા :– *<u>ગુજરાત પ્રોહી એકટ ની કલમ –૬૫ ઈ,૯૮(૨), મુજબ.</u>*.

–:: ઠ રા વ ::–

ફરીયાદ પક્ષે કેસની હકીકત એવી છે કે,આ કામના આરોપી ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે વગર પરમીટે પોતાના કબજામાં આ કામના આરોપી પ્રોહી.પ્રતિબંધક એરીયા વગર પાસ પરમિટે ગે.કા.રીતે ભારતીય બનાવટનો વિદેશી દારૂના બીયર ટીન તથા છુટી બોટલો નંગ–૨૭ કુલ કી.રૂા.૭૪૨૫/– નો પ્રોહી મુદ્દામાલ રાખી પોલીસ રેઈડ દરમયાન પકડાઈ જઈ સબબની ફરીયાદ ફરીયાદીએ આપતાં ફરીયાદીની ફરીયાદ ઉપરથી તપાસ કરનાર અમલદારે તપાસ કરી આરોપી વિરૂઘ્ધ પ્રોહીબીશન એકટની ઉપરોકત કલમ મુજબના ગુન્હાઓ સબબનું ચાર્જશીટ રજુ કરેલ છે. આરોપી આજરોજ તેઓ ગુનો કબુલ કરવા માગે છે તેવી પુરસીસ રજુ કરતાં તે પુરશીશ આંક–૮–થી રેકર્ડ ઉપર નોઘવામાં આવેલ છે તેમજ આંક–૭– થી પ્લી નોઘવામાં અવેલ છે. જે પ્લીમાં આરોપી ગુનાનો એકરાર કરેલ છે.

આરોપી તેની કબુલાત પુરશીશ આજરોજ આપી જણાવે છે કે, અમોને ગુનો કબુલ કરવો છે અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ અને અમો મજુરી કરીએ છીએ. અમો અમારા કુંટુંબ ના કમાનાર એક માત્ર વ્યકિત છીએ. અમો બાળ બચ્ચાવાળા છીહે. અમારા કુટુંબની અમારી જવાબદારી છે. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે અને કાદામાં જણાવેલ મહત્તમ સજા ન કરી અમો પર દયા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

હાથ ઉપરના કેસમાં આરોપી કાદા હેઠળની સમજ કરવામાં આવેલ છે. તેમ છતાં તેનો ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોકત કબુલાતને નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. તે ઉપરાંત કેસ ના સંજોગો ઘ્યાને લેતા અને

સજાની જોગવાઈ અંગે ના નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫ (૧), જી.એલ.આર.પાના ૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શક સીધ્ધાંતો ને ધ્યાને લેતા આરોપી સામે હાલ નો પ્રથમગુન્હો હોવાનું જણાવેલ છે અને પોતે ગરીબ માણસ હોય તેમજ કુંટુંબ કબીલાવાળો હોય તેના કુંટુંબની દેખભાળ રાખનાર તે એક માત્ર એક ઈસમ હોય આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચિત જણાય છે. જેથી આરોપી ને સુધરવાની તક મળે અને કેસ ના સંજોગો ને ધ્યાનમાં લઈ ન્યાયના હીતમાં નીચે પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

–:: હુકમ ::–

આ કામના આરોપી બી.એન.એસ.એસ ની કલમ–૨૬૪ મુજબ થી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–*૬૫ ઈ,૯૮(૨)*, મુજબ ના ગુનાના કામે આરોપી ને દોષિત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા આરોપી ને રૂા. ૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પૂરા ) રૂા. દંડ કરવામાં આવેલ છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૦૨ ની સાદી કેદ ની સજાનો હુકમ કરવામાં આવે છે.

પ્રોહી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.તથા સદર ગુન્હામા પકડાયેલ મુદામાલ વાહન ડીસ્કવર મો.સા.રજી નં.જી.જે.–૦૬–એફએમ–૯૯૪૧ અંગે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવો.અને જો કોઈ સદર ગુન્હામા પકડાયેલ મુદામાલ વાહન ડીસ્કવર મો.સા.રજી નં .જી.જે.–૦૬–એફએમ–૯૯૪૧ વચગાળાનો હુકમ ન થયેલ હોય તો સદર મુદામાલ વાહનના ઓનરની ખરાઈ કરી મુદામાલ વાહન મુળ ઓનર ને પરત કરવુ.

ઉપરોકત હુકમ આજરોજ તા. ૦૧ મી એપ્રીલ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કરવામા આવે છે.

સ્થળ :– છોટાઉદેપુર

**(અમીષ પ્રફુલચંદ્ર જોષી)**
**એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક**
**છોટાઉદેપુર**
**Judge Code:– GJ**01446

(1) Receipt No.– 174 /2026

Received Rs. 500/– FIVE hundred Rupees Only

Date–01/04/2026

Nazir

C.J.M Court Chhotaudepur